7.the finding and in the case of a conviction a brief statement of the reason therefor

(૧) આરોપી સામેના ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહિ અર્થે હાલનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે સબંધેની ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય તે પહેલા આરોપીએ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરશીશ આ અદાલતમાં આપેલ છે. જેથી ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં પણ આરોપીએ તેમની સામેના ગુન્હાની કબુલાત કરેલી છે. જેથી આરોપીને સમજાવવામાં આવેલ છે કે, ગુન્હો કબુલ કરવા તે બંધાયેલા નથી, તેમ છતાં તે તેમની કબુલાતને વળગી રહેલ છે. જેથી આરોપી તર્ફે કરવામાં આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાત્રી થતા તે મંજુર કરવામાં આવેલ છે અને આરોપીને તેમની વિરૂધ્ધના આક્ષેપાયેલ ગુનાના કામ માટે તકશીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) વધુમાં આરોપી તર્ફે સજા અંગે રજુઆત કરેલ છે કે, તેનો પ્રથમ ગુન્હો છે અને ગુન્હો કર્યાનો તેને અફસોસ છે. તેમજ તેની ઉપર કુટુંબની જવાબદારી છે અને ભવિષ્યમાં આવો કોઈ ગુનો ન કરવાની ખાત્રી આપે છે. જેથી દયા કરવા અરજ કરેલ છે.

(૩) નામદાર ગુજરાતી વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર., ૭૦૯. સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આમ, સદરહુ ચુકાદાના પાના નં.૭૨૧ ઉપર પેરા-૨૧માં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનું છુ. જે તમામ ચર્ચાના અંતે આ કામમાં હું નીચે મુજબનો હુકમ કરૂ છુ.

**-:હુ ક મ:-**

- આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ અન્વયે ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ- મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા)નો દંડ, જો દંડ ન ભરે તો દિન-૫ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.
- મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.
- આરોપીના જામીન અને જામીનખત આથી રદ્દ ગણવા.

આ હુકમ આજરોજ તારીખ-૧૩, માહે-જુલાઈ, સને-૨૦૧૯ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ-વડોદરા.
તારીખ-૧૩/૦૭/૨૦૧૯.

(કૃષ્ણકાંત ગોવિંદભાઈ પટેલ)
જીજે.૦૧૨૮૫
ચોથા એડી.જયુડી.મેજી.ફ.ક., વડોદરા.